**અન્ય રાજ્યોમાં વસતાં બિન-નિવાસી ગુજરાતીઓની યુવા પેઢી માટે ગુજરાત પરિભ્રમણ યોજના...**

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક :- બનગ-૧૦૨૦૧૮-૪૬-એન.આર.આઇ.
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૦-૦૪-૨૦૧૮

**પ્રસ્તાવના :-**

બિન-નિવાસી ગુજરાતીઓ સાથે જીવંત સંપર્ક જાળવવા/ગુજરાતી સંસ્કૃતિની જાળવણી કરવા, બિન નિવાસી ગુજરાતીઓ પોતાના જ્ઞાન – કૌશલ્ય અને નાણાકીય સ્ત્રોતોનો ઉપયોગ કરી રાજયના વિકાસમાં સહભાગી બની શકે અને તેઓના પ્રશ્નો અને સમસ્યાઓના હકારાત્મક ઉકેલ લાવી તેઓને ગુજરાતીપણાનો અહેસાસ કરવાના ઉદ્દેશથી રાજ્ય કક્ષાએ બિન-નિવાસી ભારતીય પ્રભાગ -ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન કાર્યરત છે.

પ્રવર્તમાન સમયમાં અન્ય રાજ્યોમાં વસતા બિન-નિવાસી ગુજરાતીઓની યુવા પેઢી પોતાના વતનની સંસ્કૃતિ, અસ્મિતા, માતૃભાષા સાથે સતત સંપર્ક જાળવી તે વારસાને અનુભવે/ અનુસરે તે હેતુથી બિન-નિવાસી ગુજરાતીઓની યુવા પેઢી ગુજરાતની મુલાકાત લેતી થાય, પોતાના વતનની સુવાસને જાણે, માણે અને સમજે તે માટે તેઓ માટે એક યોજના અમલમાં મૂકવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, અન્ય રાજ્યોમાં વસતાં બિન-નિવાસી ગુજરાતીઓની યુવા પેઢી ગુજરાતની મુલાકાત લેતી થાય, પોતાના વતનની સુવાસને જાણે, માણે અને સમજે તે માટે **"યુવા બિન-નિવાસી ગુજરાતીઓ માટે ગુજરાત પરિભ્રમણ યોજના"** નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ થી અમલમાં મૂકવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ યોજના હેઠળ અન્ય રાજ્યોમાંથી ભાગ લેનાર યુવા બિન-નિવાસી ગુજરાતીઓના ગ્રુપે સબંધિત રાજ્યમાંથી કાર્યક્રમ માટે ગુજરાત(અમદાવાદ) આવવા તથા પરત જવા અંગેનો ખર્ચ જે તે ગ્રુપે/વ્યક્તિએ ભોગવવાનો રહેશે. કાર્યક્રમ દરમિયાન ગુજરાતમાં પહોંચ્યા પછી પરિવહન(ટ્રાન્સપોર્ટેશન), રહેવા-જમવા તથા સ્થળ મુલાકાત અંગેની સુવિધા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન તરફથી રહેશે.

**૧. યોજનાના મુખ્ય ઉદ્દેશો:-**

(૧) બિન-નિવાસી ગુજરાતીઓની યુવા પેઢીનો રાજય સાથે જીવંત સંપર્ક સ્થાપિત કરીને રાજ્ય સાથે જોડવી.